VESUVIUS



# આચાર સંહિતા

# વિષય-સૂચિ


આપણા મૂળ મૂલ્યો 03

8 કી વિષયો 04

સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણ 05

વેપાર, ગ્રાહકો, પ્રોડક્ટ્સ અને સર્વિસ 06

લાંચ અને ભ્રષ્ટાચારનો વિરોધ 07

કર્મચારીઓ અને માનવ અધિકારો 08

જાહેરાત અને રોકાણકારો 09

સરકાર, સમાજ અને સ્થાનિક સમુદાયો 10

હિત સંઘર્ષ 11

સ્પર્ધકો 12

ગોપનીયતા અને ડેટા સુરક્ષા 13

Speak Up 14

# આપણા મૂળ મૂલ્યો

વેસુવિઅસ ના ચાર કોર્પોરેટ મૂલ્યો કાર્યસ્થળ પરના આપણા રોજિંદા વર્તન માટે મૂળભૂતપાયારૂપ છે. તેઓ સતત તેના પ્રમાણે વર્તન કરવા દિશા દેખાડે છે. તેઓ જૂથની સંસ્કૃતિની અભિવ્યક્તિ છે, જૂથની છબીને આપણા બાહ્ય હિસ્સેદારોમાં પ્રોત્સાહન આપે છે, અને આપણે આપણા ગ્રાહકોને આપેલા વ્યવસાયિક વચનને ધ્યાનમાં રાખીએ છીએ.

અમારા મૂલ્યો:

## હિંમત

## સ્વામિતા

## આદર

## ઉર્જા

COURAGE
OWNERSHIP
RESPECT
ENERGY

# 8 કી વિષયો


અમારી આચાર સંહિતામાં 8 મહત્વપૂર્ણ ક્ષેત્રો સામેલ છે:



સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણ



વેપાર, ગ્રાહકો, પ્રોડક્ટ્સ અને સર્વિસ



લાંચ અને ભ્રષ્ટાચારનો વિરોધ




કર્મચારીઓ અને માનવ અધિકારો



જાહેરાત અને રોકાણકારો



સરકાર, સમાજ અને સ્થાનિક સમુદાયો




હિત સંઘર્ષ



સ્પર્ધકો

# સ્વાસ્થ્ય, સલામતી અને પર્યાવરણ



સ્વા સ્થ્ય, સલામતી અને પર્ યાવરણની બાબતો મુખ્યપ્રવ ાહના વ્યવસ્થાપક મંડળની જવાબદારી છે. અમે અમારા કર્મચારીઓ, ગ્રાહકો, પુરવઠાકારો, કોન્ટ્રાક્ટ રો, સામાન્ય પ્રજા અને અમારી કામગીરીથી અસરગ્રસ્ત અન્ય લોકોના સ્વા સ્થ્ય અને સલામતીનું રક્ષણ કરીશું. અમારી કામગીરીમાં સ્વા સ્થ્ય, સલામતી અને પર્ યાવરણ અંગેની સાર્વજનિ ક બાબતોની રચનાત્મક રીતે કાળજી લેવાવી જ જોઇએ.

## અમે:

- તમામ કર્મચારીઓને સ્વા સ્થ્યપ્ર દ, સલામત અને સુરક્ ષિત કાર્યસ્થ ળ પ્રદાન કરીએ છીએ.
- અમારી સ્વા સ્થ્ય, સલામતી અને પર્ યાવરણ પ્રત્યે પ્રતિબદ્ધતા અને ફરજો પરિપૂર્ણ કરવા માટે પર્ યાપ્ત માનવ તેમજ સામગ્રી સંસાધન અને તાલીમ પુરા પાડીએ છીએ.
- કામગીરીના પ્રારંભ કિ વ કિાસના તબક્કાએ નવી પ્રોડક્ટ્સ અને પ્રક્રિયાઓની સંભવ તિ પર્ યાવરણીય અસરોને ધ્યા નમાં લઇએ છીએ.
- માનવ સ્વા સ્થ્ય અથવા પર્ યાવરણને પ્રતિકૂળ રીતે અસર કરતા નિર્ગ મ તત્ત્વો ની સ્થતિલિઘુતમ કરીએ છીએ, સાલમતી રાખીએ છે અને જો વ્યવહ ારક્ષમ જણાય તો તેને અટકાવીએ છીએ.
- સામગ્રી, ઉર્જા અને અન્ય સ્ત્રોતોનો કાળજીપૂર્વક ઉપયોગ કરીને કચરો ઘટાડીએ છીએ અને રીસાઇકલિંગની શક્યતાઓ મહત્તમ કરીએ છીએ.
- કાર્ય માહો લને આલ્કોહો લ અને ડ્રગ સેવન સાથે સંકળાયેલા જોખમોથી મુક્ત રાખીએ છીએ.
- આપણી પર્યાવરણીય અસરો, આપણી ઊર્જાનો વપરાશ અને આપણા ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનને ઓછું કરવું.

### વધુ માહિતી

આ સદ્ધિાંતોને વ સિુવ યિસ સ્વા સ્થ્ય, સલામતી અને પર્ યાવરણ નીતઓિનું સમર્થન છે જેનું અનુસરણ વ સિુવ યિસ સાથે કામ કરતી પ્રત્યેક વ્યક્તિએ કરવાનું હો ય છે.

# વેપાર, ગ્રાહકો, પ્રોડક્ટ્સ અને સર્વિસ




આપણા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે ગ્રાહક સાથેના લાંબાગાળાના સકારાત્મક સંબંધો અનિવાર્ય છે. વર્તમાન અને સંભવિત ગ્રાહકો, એજન્ટ્સ, વિતરકો, પુરવઠાકારો અને કારોબારના અન્ય સહયોગીઓ સાથે વ્યવહારમાં આપણે સત્યનિષ્ઠ, સર્વ સાથે નિષ્પક્ષ અને સાતત્યપૂર્ણ વ્યવહાર તેમજ પારસ્પરિક સન્માન અને વિશ્વાસ આધારિત આચરણ કરીને આપણી નિર્વિવાદ પ્રતિષ્ઠા જાળવી રાખવી જોઈએ.

## અમે:

- વિશ્વાસપાત્ર, સલામત અને ગ્રાહકોની જરૂરીયાત સંતોષતી હોય તેવી ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રોડક્ટ્સ વેચીશું.
- ઉચ્ચ ગુણવત્તાસભર, વેચાણ પછીની વિશ્વાસપાત્ર સેવા આપીશું.
- વિસુવિયસ અંગે સ્પષ્ટ, ચોક્કસ અને ઉપયોગી માહિતી આપીશું તેમજ પ્રોડક્ટ્સ અને સર્વિસ અંગે ખોટા અને ગેરમાર્ગે દોરતા નિવેદનો આપવાથી દૂર રહીશું.
- હિત સંઘર્ષ, ભેટ-સોગાદો અને લાંચ-રૂશ્વત સંબંધિત જૂથની નીતિઓને અનુસરવા સહિત ચોક્કસ અંતર જાળવીને તમામ કારોબારી વ્યવહારો હાથ ધરીશું.
- અન્યોની ગોપનીય માહિતીનું રક્ષણ કરીશું અને આ માહિતીનો ઉપયોગ કોઈ અયોગ્ય કારોબારી પ્રવૃત્તિ કે વ્યક્તિગત લાભ માટે નહીં પરંતુ માત્ર સુનિશ્ચિત હેતુસર કરીશું.

# લાંચ અને ભ્રષ્ટાચારનો વિરોધ



અમારા કારોબારના સંચાલનમાં અમે કોઇ પણ જાતની ભ્રષ્ટ પ્રવૃત્તિઓને સહન નહીં કરીએ.

## આ સ્થિતિ હાંસલ કરવા માટે:

- વેસુવિઅસ નો કોઇ પણ કર્મચારી કે વેસુવિઅસ વતી કાર્ય કરનાર કોઇપણ વ્યક્તિ, જેમાં એજન્ટો, સપ્લાયર્સ, સંયુક્ત ભાગીદારો, સીધા અથવા પરોક્ષ રીતે, સપ્લાયર્સ અથવા સરકારના પ્રતિનિધિઓ સહિત, કોઇપણ અયોગ્ય વ્યવસાયિક લાભને સુરક્ષિત કરવા માટે, કોઇપણ વ્યક્તિને લાંચ, કોઇપણ વસ્તુનું આદાન, પ્રદાન, વિનંતી સ્વીકારશે નહીં
- જ્યાં સુધી અમારી કે અન્યની વ્યક્તિગત સલામતી જોખમમાં નહીં હોય ત્યાં સુધી અમે કામની સરળતા કે સુગમતા માટે ચૂકવણી નહીં કરીએ.
- મનોરંજન અને આતિથ્ય પ્રસારમાં અમારી ભાગીદારી હંમેશા સામાન્ય ધંધાકીય પ્રવૃત્તિના ભાગરૂપે હશે. જેમાં અમે તમામ સંબંધિત સંજોગો પરત્વે ઉચિત ભાવ રાખીશું, પ્રમાણસર અને યોગ્ય રીતે રહીશું અને કોઇપણ પ્રકારના ભ્રષ્ટ હેતુની ધારણા ઉભી થવા નહીં દઇએ.

**વધુ માહિતી**

આ સિદ્ધાંતોને અમારી લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી નીતિઓનું સમર્થન છે અને તે જૂથ વ્યાપી અનુપાલન દોરવણી સંબંધિત છે.

# કર્મચારીઓ અને માનવ અધિકારો



કર્મચારીઓ સાથે સદ્ભાવનાથી અને વ્યક્તિના ગૌરવ અને આદર ના આધારે વ્યવહાર થવો જોઇએ. વેસુવિયસ આંતરરાષ્ટ્રીય માનવાધિકાર ધોરણોને માન્યતા આપે છે અને તેની કામગીરીમાં બાળ મજૂરી અથવા બળજબરીથી મજૂરીનો ઉપયોગ સહન કરશે નહીં.

## અમે:

- અમે અમારા કર્મચારીઓને કાળજીપૂર્વક સાંભળીયે છીએ અને તેમને રોજગારીની સ્થિતિ, કાર્યની ગુણવત્તા અને ઉત્પાદકતામાં સુધારો કરવા ની પ્રક્રિયા માં સામેલ કરીયે છીએ.
- ભરતી, તાલીમ, બઢતી, કારકિર્દી વિકાસ, નોકરીમાંથી છૂટા કરવા અને સમાન પ્રકારની રોજગારી સંબંધિત બાબતો ઉચિત, પારદર્શિતા તેમજ વ્યક્તિગત ક્ષમતા, ઉપલબ્ધિ, અનુભવ અને આચરણને આધારે હોય અને તેમાં વંશીય મૂળ, રંગ, રાષ્ટ્રીયતા, સંસ્કૃતિનો પ્રકાર, ભાષિક સમુદાય, ધર્મ, લિંગ, જાતીય અભિમુખતા, ઉંમર, શારીરિક અક્ષમતા અથવા નોકરી સંબંધિત રોજિંદા કામકાજ કરવા માટેની ક્ષમતા સાથે સંલગ્ન ન હોય કે લાગુ થતા કાયદા દ્વારા પ્રતિબંધિત બાબતો ન હોય તેની ખાતરી રાખીએ છીએ.
- ભેદભાવ કે સતામણી નભાવી લેવાનું અમાન્ય કરીએ છીએ.
- કામગીરીનો એવો માહોલ પુરો પાડીએ છીએ કે જેમાં અમારા કર્મચારીની શારીરિક અને માનસિક સુખાકારી પર નકારાત્મક અસર ન પડે.
- કામના વાજબી કલાકોની ખાતરી કરો અને કર્મચારીઓને તેમની કુશળતા અને અનુભવ અને વ્યવસાયની સફળતા સાથે સુસંગત હોય તેટલી હદે મહેનતાણું આપો.
- તેમને અસરકરતા મહત્વપૂર્ણ ફેરફારો તેમજ જૂથ દ્વારા નિશ્ચિત ભાવિ પરિસ્થિતિ, લક્ષ્યાંકો અને આયોજનો અંગે અમારા કર્મચારીઓને માહિતગાર રાખીએ છીએ.
- અમારા કર્મચારીઓ સાથે નિખાલસ, પ્રામાણિક અને સન્માનનીય રીતે વહેવાર કરીએ છીએ.
- કાર્ય સંબંધિત વિવાદોના નિવારણ માટે અસરકારક કાર્યપ્રણાલી જાળવીએ છીએ.
- કર્મચારીઓના રેકોર્ડ્સ ગોપનીય રાખીએ છીએ અને આ અંગત માહિતી માત્ર કાયદેસરકારોબારી હેતુઓ માટે જ તેને એકત્ર કરીએ છીએ, તેનો ઉપયોગ કરીએ છીએ અને તેને જાહેર કરીએ છીએ.

**+ વધુ માહિતી**

આ સિદ્ધાંતોને અમારી રોજગાર નીતિઓ અને માનવ અધિકાર નીતિનું સમર્થન છે.

# જાહેરાત અને રોકાણકારો



વિસુવિયસની માલિકી કંપનીના શૅર ધરાવનારની છે. અમે અમારા વ્યવસાયનો વહીવટઉત્તરદાયી રીતે કરીશું, સાતત્યપૂર્ણ અને નફાકારક વૃદ્ધિ કરવા માટે પ્રયત્ન કરીએ છીએ અને કંપનીના શૅર ધરાવનારાઓને ઇષ્ટતમ વળતર આપવા ઇચ્છીએ છીએ. સંસાધનોનો સમજદારીપૂર્વક અને અસરકારક ઉપયોગ કરીને જૂથની અસ્ક્યામતોને જાળવવા અને તેનું રક્ષણ કરવા માટે ચોક્કસ દરકાર રાખવામાં આવશે.

## અમે:

- નિયંત્રણની મજબૂત વ્યવસ્થા દ્વારા રોજબરોજના વહેવારોની નોંધવહી અને રેકોર્ડ્સ ની જાળવણી એવી રીતે કરીશું કે જે કારોબારની નાણાકીય સ્થિતિ અને હાથ ધરવામાં આવેલા વ્યવહારોને ચોક્કસ અને યોગ્ય રીતે દર્શાવે.
- જૂથની સ્થિતિનું સંતુલિત મૂલ્યાંકન અને ચોક્કસ નાણાકીય માહિતી સરળતાથી સમજાય તે રીતે નિયમિત અને સમયસર રોકાણકારોને આપીશું.
- સરકાર-કંપની શાસન વ્યવસ્થા (કોર્પોરેટ ગવર્નન્સ) ની પ્રવૃત્તિમાં શ્રેષ્ઠ રીતે ભાગ લઇશું.
- પ્રશાસન અથવા જૂથના કારોબાર સંબંધિત રોકાણકારોના પ્રશ્નોનો સ્પષ્ટ રીતે જવાબ આપીશું.
- તમામ રોકાણકારો સાથે એકરૂપ અને ઉચિત રીતે વહેવાર કરીશું તેમજ એક રોકાણકાર કે રોકાણકારોના વર્ગ પાસેથી અન્યોના ભોગે લાભ લેવાથી દૂર રહીશું.
- અમારી ફરજો નિભાવવામાં; અમારા સલાહકારો અને ઓડિટર્સ સાથે સંવાદ સાધવામાં અને રોકાણ સમુદાયો સાથે સંવાદ સાધવામાં અમે સ્પષ્ટ, નિખાલસ અને વ્યાવસાયિક રહીશું.
- જ્યાં સુધી ગોપનીય બાબતોની જાહેરાત ન થાય ત્યાં સુધી તેને ખાનગી રાખીશું અને વિસુવિયસના શેરોનો વ્યાપાર કરવા માટે કે તે પ્રકારના હેતુ માટે અન્યોને તેનો ક્યારેય ઉપયોગ કરવા દઇશું નહીં.

**+ વધુ માહિતી**

આ સિદ્ધાંતોને અમારી શાસન નીતિઓ, નાણાકીય રીપોર્ટિંગ નીતિઓ અને કંપનીના શેરો કે અન્યજામીનગીરીઓના વહેવારો અને ગોપનીય માહિતી સંબંધિત નીતિઓનું સમર્થન છે.

# સરકાર, સમાજ અને સ્થાનિક સમુદાયો



અમે જ્યાં પણ કારોબાર કરીએ ત્યાં સારા કોર્પોરેટ નાગરીક તરીકે રહેવાનું પસંદ કરીએ છીએ. અમે તમામ રાષ્ટ્રીય અને સ્થાનિક કાયદાઓ, વટહુકમો અને નિયમોનું પાલન કરીશું, જેમાં રાજનૈતિક ગતિવિધિઓ અને કરવેરાની ચૂકવણી સંબંધિત કાયદાઓ પણ સમાવિષ્ટ છે.


## અમે:

- સ્થાનિક સંસ્કૃતિ અંગે પોતાને જાગૃત રાખીએ છીએ, જૂથમાં અનુભવો ની આપ-લે કરીએ છીએ તેમજ સ્થાનિક સમુદાયો સાથે તેમને અનુકુળ થઇને, વધુ સારા વહેવાર કરીને, અને સંવેદનશીલ બનીને કામ કરીએ છીએ.
- પ્રાદેશિક અને સ્થાનિક સમસ્યાઓ, રીવાજો અને પરંપરાઓનો આદર કરીએ છીએ અને તેને ધ્યાનમાં લઇએ છીએ.
- તમામ પ્રકારની સાર્વજનિક પ્રવૃત્તિઓમાં, સ્થાનિક કાયદાઓ અને નિયમોના પાલન સહિત, અમે નૈતિક રીતે વ્યવહાર કરીએ છીએ જેમાં આ સંહિતામાં દર્શાવેલ લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી સિદ્ધાંતોનો પણ સમાવેશ થાય છે.
- કોઇ પણ પક્ષના રાજકીય સંગઠનોને ટેકો આપવો નહીં અથવા કોઇ રાજકીય દાન આપવું નહીં.

### + વધુ માહિતી

આ સિદ્ધાંતોને માનવ અધિકાર નીતિનું સમર્થન છે.

# હિત સંઘર્ષ



કર્મચારીઓ, અધિકારીઓ અને ડિરેક્ટરોની ફરજ જૂથના શ્રેષ્ઠ હિતમાં કામ કરવાની છે અને તેઓ તેમના હોદ્દાનો ઉપયોગ પોતાના કે અન્યના લાભો માટે નહીં કરી શકે અથવા તો જૂથના હિતની વિરુદ્ધમાં કામ નહીં કરી શકે. એવા અંગત હિતો કે જૂથના હિતો સાથે સંઘર્ષ ઉભો કરતા હોય કે તેવું જણાતું હોય અથવા આપણી ફરજોને અયોગ્ય રીતે અસર કરતા હોય તો તેને ટાળવા જોઇએ. હિત સંઘર્ષને હરહંમેશા ટાળવું શક્ય નથી હોતું અને તેથી, કર્મચારીઓએ, જો તેમના હિતો કે તેમના પરિવાર કે નજીકના સંબંધીઓના હિતો સાથે જૂથન હિતો સાથે સંઘર્ષ ઉભો કરતા હોય કે સંઘર્ષ ઉભો થવા માટે સંભવિત જોખમો હોય તો, આ સંઘર્ષ કે સંભવિત સંઘર્ષ અંગે તાત્કાલિક જાહેરાત કરવી જોઇએ અથવા તો તેમના નિકટતમ લાઇન મેનેજરને જાણ કરવી જોઇએ.

## કર્મચારીઓ ક્યારેય પણ આમ નહીં કરે:

- વ્યવસ્થાપક મંડળ દ્વારા આગોતરી મંજૂરી ન મળે ત્યાં સુધી કર્મચારી ક્યારેય પણ જૂથના લાભાર્થે ન હોય, બહારની બાબતો હોય કે જેનો જૂથ સાથે સંબંધ હોય કે ન હોય અથવા તેના સ્પર્ધક સાથે સંબંધ હોય તેવા કારોબાર, નાણાકીય કે અન્ય સંબંધો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સામેલ થવું.
- વ્યવસ્થાપક મંડળ દ્વારા આગોતરી મંજૂરી વગર કોઇ વ્યક્તિ કે સંબંધિત પક્ષનું અંગત હિત હોય તેવા કોઇપણ પ્રકારના વ્યવહારમાં જૂથનું પ્રતિનિધિત્વ કરવું.
- જૂથ કે જૂથના કારોબારી સહયોગીઓની ગોપનીય માહિતીની અયોગ્ય રીતે જાહેરાત કરવી કે બીજી રીતે તેનો ઉપયોગ કરવો.
- જૂથ સાથે સ્પર્ધા કરવી અથવા અન્યને સ્પર્ધા કરવામાં મદદ કરવી.
- જૂથના વ્યવસ્થાપક મંડળ દ્વારા કોઇ વેપારી સાહસના બોર્ડના સભ્યપદ માટે મંજૂરી આપી હોય તે સિવાય બાહ્ય બોર્ડમાં સેવા આપવી અને જૂથના હિતો સાથે સંઘર્ષમાં ન ઉતર્યા હોય તેમ જણાવું.
- કોઇપણ ધંધાકીય સહયોગી અથવા સ્પર્ધક પાસેથી વ્યક્તિગત લાભ માટે નાણાંનો આગ્રહ રાખવો કે સ્વિકારવા.
- સ્વતંત્ર કે વ્યાવસાયિક અભિપ્રાયને નકારાત્મક રીતે અસર કરતી હોય કે તેમ જણાતું હોય તેવી કોઇપણ પ્રકારની બિન-નાણાંકીય ભેટ, સેવા કે અન્ય બાબતો કોઇપણ ધંધાકીય સહયોગી કે સ્પર્ધક પાસેથી સ્વિકારવી.

# સ્પર્ધકો



આપણે ઉત્સાહ પૂર્વક પણ પ્રામાણિકતા રાખીને સ્પર્ધા કરીશું અને ગેરકાયદેસર માર્ગે સ્પર્ધાત્મક લાભો નહીં ઇચ્છીએ.

## અમે:

- અમારા સ્પર્ધકો સાથે ક્યારેય પણ ધંધાકીય રીતે સંવેદનશીલ માહિતી (કિંમતો, ક્ષમતા, ઉત્પાદન, વેચાણનો જથ્થો, બજારનો હિસ્સો, વેપારી વ્યૂહરચના અથવા ખર્ચ સહિત) ની આપ-લે નહીં કરીએ.
- અયોગ્ય રીતો દ્વારા કોઇ સ્પર્ધક સંબંધિત માહિતી મેળવવાથી દૂર રહીશું.
- ક્યારેય પણ પ્રતિબંધિત કે છળકપટયુક્ત વ્યાપાર પ્રથાઓમાં નહીં સંકળાયીએ અને બજારની સ્થિતિનો દુરુપયોગ નહીં કરીએ.
- અમારા સ્પર્ધકો કે તેમની પ્રોડક્ટ્સ અંગે ખોટી કે ગેરમાર્ગે દોરનાર ટિપ્પણી અથવા દાવા કરવા સહિતની ગેરવાજબી સ્પર્ધામાં નહીં ઉતરીયે.

**+ વધુ માહિતી**

આ સિદ્ધાંતોને સ્પર્ધા અને વિશ્વાસ-વિરોધી નીતિઓનું સમર્થન છે.

# ગોપનીયતા અને ડેટા સુરક્ષા

વેસુવિઅસ વ્યક્તિઓની ગુપ્તતાના રક્ષણ અને આદર માટે પ્રતિબદ્ધ છે. દરેકને તેમના વ્યક્તિગત ડેટાનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવે છે તેના સંદર્ભમાં જાણવાનો અધિકાર છે. સંસ્થાની પ્રવૃત્તિઓ દરમિયાન વેસુવિઅસ તેના કર્મચારીઓ, ગ્રાહકો, સપ્લાયર્સ અને અન્ય તૃતીય પક્ષો વિશેનો વ્યક્તિગત ડેટા એકત્રિત કરી શકે છે, સંગ્રહ કરી શકે છે અને તેના પર કામ કરી શકે છે. વેસુવિઅસ આવા ડેટાનો યોગ્ય અને કાયદેસર રીતે ઉપયોગ કરવાની જરૂરિયાતને માન્ય રાખે છે.

વેસુવિઅસ ડેટા પ્રોટેક્શન પોલિસી વૈશ્વિક ડેટા પ્રોટેક્શન કાયદામાં સમાયેલા સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે અને સુનિશ્ચિત કરે છે કે અમે ડેટા સુરક્ષા મુદ્દાઓ પર કેવી રીતે કામ કરીએ. જો આપણી નીતિઓ અને / અથવા કાર્યવાહી સ્થાનિક કાયદાઓ કરતા વધુ કડક હોય, તો આપણે આપણા પોતાના ધોરણોને વળગી રહીશું. જો કોઇ સ્થાનિક કાયદો આપણા સિદ્ધાંતો કરતા વધુ કડક હોય, તો અમે તે પ્રમાણે પાલન કરીશું, માર્ગદર્શિકા તરીકે આપણી ડેટા પ્રોટેક્શન પોલિસી નીતિનો ઉપયોગ કરીને

# કાર્યવાહીની સુનિશ્ચિતતા

આપણે હંમેશા સંહિતાના સિદ્ધાંતોને અનુરૂપ આપણા કારોબારનું સંચાલન કરવું જોઇએ. ઘણા કિસ્સામાં આપણને ગંભીરતાપૂર્વક અભિપ્રાય આપવાની આવશ્યકતા રહેશે. જો તમને ક્યારેય પણ સંહિતાના અર્થ કે કાર્યક્ષેત્ર અંગે શંકા હોય તો તમારા સુપરવાઇઝર અથવા જૂથના અન્ય સત્તાધિકારીની સલાહ લો.

વેસુવિયસ અને તેના કર્મચારીઓ માટે આ સંહિતાનું અનુપાલન ન કરવા બદલ ઘણાં ગંભીર પરિણામો આવી શકે છે, જેમ કે, સજા, દંડ, પ્રતિષ્ઠાને નુકસાન કે ફોજદારી કાર્યવાહી. જ્યારે પણ આ સંહિતાના ઉલ્લંઘનની શંકા થશે કે જાણકારી થશે ત્યારે યોગ્ય તપાસ હાથ ધરવામાં આવશે. જેમાં લાગુ કરવા પાત્ર ઉપાયો હાથ ધરવામાં આવશે જેમાં શિસ્તભંગના પગલાથી લઈને હકાલપટ્ટી સુધીના પરિણામો આવી શકે છે.

સંહિતાની નિયમિત સમીક્ષા કરવામાં આવશે. તેનું પાલન કેવી રીતે કરવામાં આવે છે તેની પર પણ અમે દેખરેખ રાખીશું. આ સંહિતા સંબંધિત કોઇપણ ટિપ્પણી જૂથના જનરલ કાઉન્સેલ સમક્ષ રજૂ કરવી જોઇએ.



VESUVIUS

# Speak up

CONFIDENTIAL | INDEPENDENT

વસિુવયિસ બધા જ લાગૂ પડતા કાયદાઓ, વસિુવયિસ આચાર સંહતિા અને વસિુવયિસ પૉલસિી અને પ્રક્રયિાઓના અનુપાલન દ્વારા વૈશ્વકિ રીતે ઉચ્ચ નૈતકિ ધોરણો જાળવે છે. જો તમને ચંિતા કે શંકા હોય તો તમારે કોઇ પણ એક રપિોર્ટંિગ ચેનલના માધ્યમથી વ્યવહારકિ રીતે શક્ય બને તેટલી જલ્દી તેનો અહેવાલ આપવો જોઇએ.

## હવે આગળ શું થશે?

બધા જ અહેવાલો ગંભીર રીતે લેવામાં આવશે અને ખાનગી રખાશે અને યોગ્ય સ્તર પર આંતરીક રીતે તેના પર પ્રક્રયિાકરવામાં આવશે. જે અહેવાલ આપે છે તેમને અહેવાલ પર શું કાર્યવાહી કરવામાં આવશે અને તેના પરીણામો વશિે જાણ કરવામાં આવશે.

**ચંિતાની નોંધ કરવા માટે જે કોઇપણ માધ્યમનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, શુભ આશયેથી ચંિતાની જાણ કરવા માટે કોઇપણ કર્મચારીને કયારેય દંડ અથવા ગેરલાભ થશે નહીં. પ્રાપ્ત કરેલી મોહતિીનો ઉપયોગ સંવેદનશીલ અને ગોપનીયરીતે કરવામાં આવશે અને માહતિી આપનાર વ્યક્તિ વરિુધ્ધ કોઇપણ પ્રકારના પ્રતકિારને ચલાવી લેવામાં આવશે નહીં.**

બધા જ વસિુવયિસના કર્મચારીઓએ, વસિુવયિસનું પ્રતનિધિત્વિ કરનારાઓએ, અને તેના વતી પ્રક્રયિા કરનારાઓએ, તેઓદુનયિામાં જ્યાં પણ હોય ત્યાં, આચાર સંહતિા અથવા પૉલસિીઓ અથવા કાયદાના ભંગ સંબંધતિ તેમને થતી હોય તેવીકોઇપણ ચંિતા અથવા શંકાઓ સામે લાવવા સહતિ; કાયદા, આચાર સંહતિા અને પૉલસિીઓનું પાલન કરવું પડશે.

**કૃપા કરીને, કોઇપણ પ્રશ્નો માટે કાયદાકીય વભિાગના સભ્યનો સંપર્ક કરો.**

**www.vesuvius.ethicspoint.com**

## કેવી રીતે?

### ફોન દ્વારા અથવા ઓનલાઇન:

રપિોર્ટ કરવા માટે નીચે જણાવેલા નંબર પર અમારી 24 કલાક ચાલુ રહેતી મફત* અને ગોપનીય ફોન સેવા Speak up પર કૉલ કરો અથવા **www.vesuvius.ethicspoint.com** પર ઑનલાઇન રપિોર્ટ કરો. ફોન કરનાર સાથે સંવેદનાત્મક વ્યવહાર કરવામાં આવશે અને ફોન કરનાર ની વગિતો ગોપનીય રાખવા માં આવશે.

### વ્યક્તગિત રીતે:

તમારા લાઇન મેનેજરને અહેવાલ આપી શકાય છે અથવા વૈકલ્પકિ રૂપે સનિયિર મેનેજમેન્ટના કોઇ પણ સભ્ય જેની સાથે તમે વાત કરવામાં સંકોચ ન અનુભવો, તેમને અહેવાલ આપી શકો છો. વ્યક્તગિત રીતે આપેલા તમામ અહેવાલો ખાનગી રહેશે.

VESUVIUS

# જો તમે કોઈને કંઈક ખોટું કરતા જોવો તો તુરંત અમને

# જણાવો !



Speak up

CONFIDENTIAL | INDEPENDENT

VESUVIUS



Vesuvius
165 Fleet Street
London EC4A 2AE

www.vesuvius.com